# આત્મારામજીમહારાજનું પૂજા સાહિત્ય

ડૉ. કવિન શાહ

શ્રી આત્મારામજી મહારાજ વીસમી સદીના પ્રથમ આચાર્ય ભગવંત, શ્રુતજ્ઞાનનાં પ્રખર અભ્યાસી અને જ્ઞાનના ભવ્ય વારસાના પ્રસાર માટે જીવનભર પુરુષાર્થ કરીને યથા નામ તથા ગુણાઃ નામને ચરિતાર્થ કરી બતાવનાર મહાત્મા હતા. એમના સંયમ જીવનનો સાર શ્રુતજ્ઞાનોપાસના અને જિનશાસન પ્રત્યેની અપૂર્વ શ્રધ્ધા ભક્તિ છે. આજે સાધુ અને શ્રાવક વર્ગમાં જ્ઞાનમાર્ગ કંઈક ઉપેક્ષિત હાલતમાં છે ત્યારે આવા મહાપુરુષના જીવનની જ્ઞાનોપાસનાનો વિચાર કરતાં જિન શાસનની પ્રભાવનાના સાચા પ્રતીક સમા ગુરુદેવનું સ્મરણ પણ શ્રધ્ધેય ભકતજનોના હૃદયને નતમસ્તક બનાવી ગુરુ તો તું જ એમ કહેવા માટેની શુભ ભાવના થાય છે.

જૈન સાધુઓએ રત્નત્રયીની આરાધનાની સાથે શ્રાવક શ્રાવિકોઓને ધર્માભિમુખ કરી ધર્મ પ્રત્યેની અડગ શ્રધ્ધા રહે તે માટે જિનવાણીનું શ્રવણ કરવાની મહામૂલી પ્રવૃતિ આદરી છે. અભ્યાસ અને ઉપદેશના પરિણામ સ્વરૂપે શાસ્ત્રજ્ઞાનની કઠિન વિગતોને પોતાની આગવી શૈલીમાં પુસ્તક રૂપે પ્રગટ કરી છે. તે દ્દષ્ટિએ વિચારતા અન્ય મુનિઓની માફક આત્મારામજીએ જૈન સાહિત્યમાં કલમ ચલાવીને જૈનધર્મ અને તત્વજ્ઞાનના વિષયને સ્પર્શતા ૧૧ જેટલાં શાસ્ત્રીય પુસ્તકોની રચના કરી છે. એક તરફ શાસ્ત્રજ્ઞાનની શુષ્ક વિગતોને ગ્રંથસ્થ કરી તો એજ મહાત્મા એ સહૃદયતાથી ભાવધર્મની અભિવૃધ્ધિમાં ઉપકારક વૈવિધ્યપૂર્ણ પૂજાની રચના કરી છે. આ પ્રકારની રચનાઓ એમના પાંડિત્યની સાથે ભકતહૃદયની ભકિત ભાવનાને મૂર્તિમંત રીતે પ્રગટ કરે છે.

૧૮ સદીમાં પૂજા સાહિત્યનો વિકાસ થયો અને ભક્તિ માર્ગના એક ભાગરૂપે પૂજા લોકપ્રિય બની.

પૂજા સાહિત્યની રચના ૧૩માં શતકમાં જૂની અપભ્રંશ ભાષામાં કવિએ મહાવીર જન્માભિષેક કળશના નામથી કરી છે. તેમાં ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક મહોત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે ૧૬ માં શતકમાં શ્રાવક કવિ દેપાલે સ્નાત્રપૂજાની રચના કરી છે. તેમાં વરદ ભંડારી કૃત પાર્શ્વનાથ કળશ અને રત્નાકર સૂરિ કૃત આદિનાથ જન્માભિષેક કળશની રચના મિશ્રિત થયેલી છે તદુપરાંત સકલચંદ્ર ઉપાધ્યાયજી એ સત્તરભેદી પૂજાની રચના કરી છે. ૧૮ માં શતકમાં યશોવિજયજી કૃત નવપદની પૂજા અને દેવચંદ્રજી કૃત સ્નાત્ર પૂજા ની રચનાઓ ઉપલબ્ધ થાય છે. આ રીતે સમય જતાં ભક્તિ ભાવનાના અભિનવ સ્વરૂપે પૂજા સાહિત્યની રચનાઓ વિશેષ રીતે પ્રગટ થઈ. ૧૯ મી સદીમાં કવિ પંડિત વીરવિજયજી એ નવ્વાણું પ્રકારી, ચોસઠ પ્રકારી, પંચકલ્યાણક સ્નાત્ર પૂજાની રચનાથી પૂજા સાહિત્યને સમૃધ્ધ કર્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજા સાહિત્ય ભક્તિમાર્ગની પરંપરાનું અનુસંધાન કરીને આબાલવૃદ્ધ સૌ કોઈને ભક્તિ કરવા અનન્ય પ્રેરક બન્યું છે. મોક્ષ માર્ગની સાધનામાં જ્ઞાન, ભક્તિ અને સંયમની ઉપાસના અનિવાર્ય માનવામાં આવી છે. તે દૃષ્ટિએ પ્રભુ પ્રત્યેની ભક્તિભાવના કર્મ નિર્જરાની સાથે સમકિત શુધ્ધ કરવામાં મહાન ઉપકારક બને છે.

પૂજા સાહિત્યના વિષયોમાં મુખ્યત્વે તીર્થંકર ભગવાનનું જીવન, જૈન તત્ત્વજ્ઞાનને લગતા વિષયો જૈન તીર્થો અને પ્રતિમા પૂજન વગેરેમાંથી પસંદ કરવામાં આવે છે. કવિ આત્મારામજીએ પૂજા સાહિત્યને સમૃધ્ધ કરવામાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે. એમની પૂજા સાહિત્યની રચનાઓમાં સ્નાત્રપૂજા (સં. ૧૯૩૯) સત્તરભેદી પૂજા (સં. ૧૯૪૦) વીસ સ્થાનક પૂજા (સં. ૧૯૪૩) અષ્ટ પ્રકારી પૂજા અને નવપદની પૂજાનો સમાવેશ થાય છે.

પ્રભુની સાકાર ઉપાસના માટે નવધા ભક્તિની પ્રણાલિકા ભારતીય સંસ્કૃતિમાં પ્રચલિત છે. તેમાં પૂજન એટલે મૂર્તિપૂજાનો સમાવેશ કરવામાં આવ્યો છે. મૂર્તિનું આલંબન ભક્તિમાં અનન્ય પ્રેરક નીવડે છે. વિવિધ રીતે પ્રભુ પૂજા કરવાની વિધિમાં અષ્ટ પ્રકારી પૂજા પ્રથમ કોટિની ગણાય છે.

## અષ્ટપ્રકારી પૂજા

પ્રભુની જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ એમ આઠ દ્રવ્યોથી ભક્તિભાવ પૂર્વક પૂજા કરવામાં આવે છે.

પૂજા, દુહા, ઢાળ અથવા ગીત કાવ્ય અને મંત્ર એમ ચાર વિભાગમાં વહેંચાયેલી છે. દુહામાં અષ્ટ પ્રકારી પૂજાનો સંક્ષિપ્ત ઉલ્લેખ કરવાની સાથે પરંપરાગત રીતે ઈષ્ટદેવની શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ કરવામાં આવી છે.

પ્રભુ પૂજા બે વિભાગમાં વહેંચાયેલી છે. અંગ અને અગ્ર તેનો ઉલ્લેખ નીચેના દુહામાં થયેલો છે :

**પૂજા અષ્ટ પ્રકારની, અંગતીન ચિતધાર,**

**અગ્રપંચ મનમોદસે, કરિ તરિપે સંસારતકત પા-૪૩**

ભક્તિ કાવ્યોમાં ગેયતા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કવિ પોતે શાસ્ત્રીય સંગીતના તજજ્ઞ હોવાથી વિવિધ શાસ્ત્રીય રાગનો પ્રયોગ કરીને પૂજા રચી છે. અષ્ટપ્રકારી પૂજામાં માલકોશ, જય જયવંતી ધન્યાશ્રી, કલિંગડો, પીલુ, ખમાચકા, તિલાના સિંધકાફી, ભૈરવી, ઠુમરી, જંગલી રેયતા રાગનો પ્રયોગ થયેલો છે. કળશની રચનાએ પૂજાની પૂર્ણતાનું સૂચન કરે છે તેમાં પૂજાનું ફળ, ગુરુ પરંપરા, રચના વર્ષ, સ્થળ અને કવિ નામનો ઉલ્લેખ થયેલો છે. કવિના શબ્દોમાં ઉપરોકત માહિતી આ મુજબ નોંધાયેલી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ગુરુ વૃદ્ધિવિજય મહારાજા,
કુમતિ કુપંથ નિકંદી ।।
શિખિ જુગ અંક ઈંદુ શુભ વરસે,
પાલિતાણા સુરંગી ।।

પૂજાના રચનાવર્ષને પ્રત્યક્ષ અંકોમાં દર્શાવવાને બદલે અહીં પ્રતીકાત્મક શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. પૂજા સાહિત્યની આ એક વિશેષતાનું સર્વ સામાન્ય રીતે અન્ય કવિઓમાં અનુસરણ થયેલું છે. દરેક પૂજાના ફળ માટે પ્રચલિત દૃષ્ટાંતનો નામોલ્લેખ છેલ્લી કડીમાં થયેલો છે. ન્હવણ પૂજામાં સોમેશ્વરી વિપ્રવધૂ, વિલેપન પૂજા માટે જયસુર અને શુભમતી દંપતી, કુસુમપૂજા માટે, ધૂપ પૂજા માટે પિનપંધર નૃપ, દીપક પૂજા માટે જિનમતી અને ધનશ્રી, અક્ષત, નૈવેદ્ય પૂજા અને ફળ માટે કીર યુગલનાં દૃષ્ટાંતોનો નામોલ્લેખ થયેલો છે. જૈન સાહિત્યમાં આ દૃષ્ટાંતો વિશેષ જાણીતાં છે.

કુસુમ પૂજામાં ફૂલોની, નૈવેદ્ય પૂજામાં ભોજનની વૈવિધ્ય પૂર્ણવાનગીઓ અને ફળપૂજામાં વિવિધ ફળોનો ઉલ્લેખ થયેલો છે. આનાં ઉદાહરણ તરીકે જોઈએતો કુસુમ પૂજામાં પુષ્પોની યાદી નીચે મુજબ છે.

મોગરા, ચંપક, માલતી, કેતકી પાડલ આમ રે
જામુલ પ્રિપંગુ પુન્નાગ નાગ,
મચકુંદ, કુંદ ચંબેલિ,
જે ઉગિયાં શુભ થાન રે ।। ૨ ।।

આત્મારામ એ કવિનું નામ છે તેનો ઉલ્લેખ આત્મ સ્વરૂપ પામવા માટે પૂજાનુ વિધાન એમ દર્શાવીને ગૂઢાર્થ પામી શકાય એવો પ્રયોગ કર્યો છે ઉ.દા.જોઈએ તો :-

આતમ ચિદ્‌ઘન સહજ વિલાસી
પામી સત ચિતપદ મહાનંદ ।।

અષ્ટ પ્રકારી પૂજામાં તેનો મહિમા ગાવામાં આવ્યો છે. કોઈ કોઈ રચનામાં ભાવવાહી પંક્તિઓ મળી આવે છે. કવિની પ્રભુ પ્રત્યેની ભક્તિભાવના અને તેની એકાગ્રતાની અનેરી મસ્તીનો પરિચય થાય છે જેમ કે :-

પૂજો અરિહંત રંગરે, ભવિ ભાવ સુરંગે
અરિહંત પદ અર્ચન કરી ચેતન,
જિન સ્વરૂપમે રમ રહીયે
મેરો મન રંગ રચ્યો, ફળ અર્ચન મેં સુખદાય ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમની રચનામાં હિન્દી ભાષાનું મિશ્રણ થયેલું છે. કવિને અન્યાનુપ્રાસની ફાવટ સારી છે.

જિનવર પૂજા સુખ કંદા,
નસે અડકર્મડા ધંદા,
સુંદર ધરિ થાલ રતનંદા,
જિનાલય પૂજ જિનચંદા (પા.નં ૫૪)

આ રીતે અષ્ટ પ્રકારી પૂજા એમની પૂજાની વિશદ માહિતી આપતી ભક્તિ પ્રધાન રચના છે.

## નવપદ પૂજા

નવપદની પૂજાની રચના સંવત ૧૯૪૧ માં થઈ છે તેમાં જૈન ધર્મમાં આરાધનાના પાયારૂપ નવપદની માહિતી આપવામાં આવી છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એમાં નવપદનું સ્વરૂપ કવિએ પ્રચલિત દેશી ચાલનો પ્રયોગ કરીને તત્વજ્ઞાનના કઠિન વિષયને પદ્યવાણી દ્વારા જન સાધારણ સુધી પહોંચાડવાનો ભક્તિ વત્સલ બનીને સફળ પ્રયોગ કર્યો છે.

નિજ સ્વરૂપ જાને બિન ચેતન,
કોયલ ટહુક રહી મધુવનમેં.
આઈઈંદ્રનાર કર કર શૃંગાર,
નિશદિન જોઉં વાટડી
બ્રહ્મજ્ઞાન નહીં જાનારે.
તેરો દરસ ભલે પાયો ॥

શિવપદ પ્રાપ્ત નવપદની આરાધનાથી પ્રાપ્ત કરનાર શ્રીપાલ અને મયણાના તપનો પૂજામાં ઉલ્લેખ કર્યો છે.

સિરપાલ સિધચક્ર આરાધી
મનતન રાગહરી
નવ ભવાંતર શિવ કહલાસે
આતમાનંદ ભરી

ધર્મસાહિત્યમાં સીધા ઉપદેશનો ઉલ્લેખ થયેલો હોય છે. મનુષ્ય જન્મ સફળ કરવા માટે નવપદની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરાધના કરવા જણાવવામાં આવ્યું છે.

બંદે કરલે કમાઈરે

જત નરભવ સફલ કરાઈ બંદે ॥

નવપદના સ્વરૂપનો પારિભાષિક શબ્દોમાં પરિચય આપ્યો છે દા.ત., સિધ્ધ પદના દુહામાં સિધ્ધપદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે કવિના શબ્દોમાં જોઈએ તો નીચે મુજબ છે.

અલખ નિરંજન અચર વિભુ અક્ષય, અમર, અપાર ।
મહાનંદ પદવી ધરી, અવ્યય, અજર, ઉદાર ॥ ૧ ॥

અનંત ચતુષ્યે રૂપસે, ધારી અચલ અનંગ,
ચિદાનંદ ઈશ્વર પ્રભુ, અટલ મહોદય અંગ ॥ ૨ ॥

નવપદની પૂજા જ્ઞાનમાર્ગની કાવ્ય રચનાનો નમૂનો છે. તેમાં અષ્ટ પ્રકારી પૂજા-સમાન પરંપરાગત લક્ષણો ચરિતાર્થ થયેલાં છે. તત્ત્વ દર્શનની પ્રાથમિક ઝાંખી કરાવીને જ્ઞાન માર્ગનાં રહસ્યને પામવા માટે આ પૂજા પ્રવેશ દ્વાર સમાન છે. યશોવિજયજી ઉપાધ્યાય, પદ્મવિજયજી અને કવિ મનસુખલાલ (પંચમહાલ, ગોધરાના વતની) ની રચનાઓ પણ પ્રસિધ્ધ છે.

અષ્ટપ્રકારી પૂજા સરળ અને સુગ્રાહ્ય છે. જ્યારે નવપદની પૂજા તત્ત્વજ્ઞાનને સમજવા માટે હૃદય કરતાં બુદ્ધિને વધુ સ્પર્શે છે. અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરીને જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કરવામાં માર્ગસૂચક સ્તંભ સમાન નવપદની પૂજા દેવગુરુ અને ધર્મના સ્વરૂપને ગેય પ્રયોગથી જ્ઞાનમાર્ગ તરફ ગતિશીલ થવાની ભક્તિના માધ્યમ દ્વારા અવિનાશીપદ પ્રાપ્તિનો શાશ્વત માર્ગ દર્શાવે છે.

## વીસ સ્થાનક પૂજા

વીસ સ્થાનક તપની આરાધના ત્રિકરણ શુદ્ધિપૂર્વક કરવાથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન થઈ શકે છે. ભગવાન મહાવીરે નંદન ઋષિના ભવમાં આ તપની આરાધના કરીને તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હતું પરિણામે આ તપની પૂર્ણાહુતિ થયા પછી કે કોઈ ધાર્મિક મહોત્સવમાં વીસ સ્થાનક પૂજા ભાવવાહી રીતે ભણાવવામાં આવે છે. ૧૯ મી સદીમાં લક્ષ્મીસૂરિ મહારાજે વીસ સ્થાનક પૂજાની રચના કરી છે. ત્યાર પછી કવિ આત્મારામની ઉપરોક્ત વિષય પર રચના થઈ છે.

અષ્ટ પ્રકારી પૂજામાં જિનપ્રતિમા કેન્દ્ર સ્થાને છે. વીસ સ્થાનકમાં પણ તેથી આગળ વધીને અહોભાવપૂર્વક પ્રભુની પૂજા કરવામાં આવે છે. એક એક પદ ભક્તિ ભાવમાં નિમગ્ન કરે તેમ છે. વીસ સ્થાનકનાં નામ અનુક્રમે અરિહંત, સિધ્ધ, સૂરિ, સ્થવિર, પાઠકસાધુ, જ્ઞાન, દર્શન, વિનય, ચારિત્ર, બ્રહ્મચર્ય, ક્રિયા, તપ, દાન, વૈયાવચ્ચ, સમાધિ, અભિનવજ્ઞાન, શ્રુત અને તીર્થ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક પદની આરાધના જીવમાંથી શિવ થવા માટે દીવાદાંડી સમાન છે આત્માના સહજ સ્વરૂપને પામવા માટે આલંબન રૂપ છે. તેમાં પૂર્વે કહેલાં નવપદનો પણ નિર્દેશ થયેલો છે. વીસ સ્થાનકપૂજા એટલે રત્નત્રયીની આરાધનાનો સુભગ સમન્વય કરાવતી જ્ઞાન અને ભક્તિના સંયોગ વાળી અપૂર્વ કાવ્ય રચના છે.

પૂજાના પ્રારંભમાં વિશેષણયુકત શંખેશ્વર પાર્શ્વનાથ ની સ્તુતિ કરી છે.

**સમરસ રસભર અઘહર, કરમ ભરમ સળનાસ,**
**કર મન મગન ધરમ ધર, શ્રી શંખેશ્વર પાસ ।। ૧ ।।**

કવિએ બીજા દુહામાં જિનવાણીનો મહિમા દર્શાવ્યો છે :-

**વસ્તુ સકલ, પ્રકાશિની ભાસિનિ ચિઘનરૂપ,**
**સ્યાદ્વાદ મત કાશિની જિનવાણી રસકૂપ ।। ૨ ।।**

દુહા જેવી સામાન્ય રચનામાં પણ કવિની વર્ણની લયબધ્ધ યોજના આકર્ષક બની રહે છે.

જૈન કવિઓએ દેશીઓનો વિશેષ પ્રયોગ કરીને કાવ્યો રચ્યાં છે. તેમાં રહેલો વિશિષ્ટ લય-તાલ અને સમુહમાં ગાઈ શકાય તેવી લાક્ષણિકતાથી દેશી વધુ પ્રચાર પામી હતી. કવિએ નીચે મુજબની દેશીઓનો પ્રયોગ કર્યો છે.

**કાન્હામેં નહિ રહેણા રે, તુમચે સંગ ચલું ।**
**વીતરાગકો દેખ દરસ, દુવિધા મોરી મિટ ગઈ રે ।।**
**લાગી લગન કહો કેસે છૂટે, પ્રાણજીવન પ્રભુ પ્યારે એ**
**નિશદિન જોવું વાટડી ઘેર આવો ઢોલા ।**
**માનોને ચેતનજી, મારી વાત માનોને ।।**

આ દેશીઓ ઉપરાંત ઠુમરી, પંજાબી, દીપચંદી, લાવણી, ત્રિતાલ અને અજમેરી તાલનો પ્રયોગ કરીને સમગ્ર પૂજાની રચના સંગીત અને કવિતાનો સમન્વય સાધે છે. પ્રત્યેક પૂજામાં તે પદની શાસ્ત્રોકત માહિતી આપીને આરાધના કરવાનો ભાવ વ્યકત કર્યો છે. અષ્ટપ્રકારી પૂજાની માફક અહીં પણ તપના આરાધક આત્માનાં દૃષ્ટાંત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દા.ત. પાંચમા સ્થવિર પદની આરાધના માટે પ્રશ્નોત્તર રાજાનો નામ નિર્દેશ કર્યો છે.

**પ્રશ્નોતર નૃપ ઈહપદ સેવી, આત્મ અરિહંત પદ વતિપારે ।।**

વીસ સ્થાનકની પૂજાને આધારે કવિની શાસ્ત્ર જ્ઞાનની તલસ્પર્શી સમજ શક્તિ અને જ્ઞાનમય આત્મસ્મરણતાનો વિસ્તારથી પરિચય થાય છે. આવો ઉલ્લેખ મનુષ્યને ચેતન નામથી ઉદ્બોધન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને કરવામાં આવ્યો છે. દા.ત.

રાગોરી, ચેતનજી, મન શુધ્ધ લાગ ધારો ધારો સમાધિ કેરો રાગ

સિદ્ધ અચલ આનંદી રે, જ્યોતિ સે જ્યોતિ મિલી (પા. ૧૨૧)

અપને રંગમે, રંગદે હેરી હરી લાલા.

પાઠક પદ સુખ ચેનદેન વસ અમીરસ ભીનો રે. (પા, ૧૨૬)

મુણિંદ ચંદ ઈશમેરે તાર તાર તાર (પા. ૧૨૭)

મિટ ગઈ રે અનાદિપીર ચિદાનંદ જાગો તો રહી (પા. ૭૪)

ઉપરોક્ત પંક્તિઓ કવિની આધ્યાત્મવાદની મસ્તીની ઉદાહરણ રૂપ છે કવિ આત્મારામની આત્માના સહજ સ્વરૂપ પામવા માટેની શુભભાવનાનું અહીં દર્શન થાય છે.

વીસસ્થાનકના પૂજાના કેન્દ્ર સ્થાને આત્મસ્વરૂપ પામવા માટેનો કેન્દ્રવર્તી વિચાર પ્રગટ થયેલો છે. દુહા, ઢાળ કે ગીત કાવ્ય અને મંત્ર એમ ચાર વિભાગમાં પૂજા વહેંચાયેલી છે. કવિએ ઉપમા, રૂપક અને દૃષ્ટાંત અલંકારોનો પ્રયોગ કરીને વિચારોની અભિવ્યક્તિ ને અસરકારક બનાવી છે. છતા ઘણા બધા પરિભાષિક શબ્દ પ્રયોગોને કારણે કવિગત શાસ્ત્રીય વિચારો આત્મસાત કરવા કઠિન છે. ભક્તિ કાવ્યમાં જે લાગણી કે ઊર્મિનું તત્ત્વ જોઈએ તે અહીં ઓછું છે. છતાં અધ્યાત્મવાદ પ્રત્યેની સાચી લગન પ્રગટ કરવામાં સફળતા મેળવી છે.

## સત્તરભેદી પૂજા

પૂજાના વિવિધ પ્રકારોમાં સત્તરભેદી પૂજા પ્રભુભક્તિની વિશેષતાનો પરિચય કરાવે છે. પૂજાના વિષયની વિવિધતામાં નવીન ભાત પાડતી કવિની સત્તરભેદી પૂજાની રચના છે. પૂર્વે ૧૭માં શતકમાં સકલચંદ્ર ઉપાધ્યાયજીએ સત્તરભેદી પૂજાની રચના કરી હતી.

અષ્ટ પ્રકારી પૂજામાં પ્રભુની આઠ પ્રકારે પૂજા કરવામાં આવે છે ત્યારે અહીં ૧૭ પ્રકારે પૂજા કરવામાં આવે છે. એટલે સત્તર ભેદી નામ રાખવામાં આવ્યું છે. તેનાં નામ અનુક્રમે ન્હવણ, ચંદન, ગંધ, પુષ્પારોહણ, પુષ્પમાળા, આંગીરચના, ચૂર્ણ, ધ્વજ, આભરણ, પુષ્પગૃહ, પુષ્પવર્ષણ, અષ્ટમંગલ, ધૂપ, ગીત, નાટક, વાજિંત્ર એમ સત્તર ભેદવાળી પરંપરાગત લક્ષણો યુક્ત પૂજા રચી છે.

કવિએ પ્રથમ દુહામાં શ્રાવકો માટે વિધિપૂર્વક પૂજાના ફળનો ઉલ્લેખ કરીને બીજા દુહામાં પ્રભુપૂજાનો શાસ્ત્રીય ગ્રંથોનો આધાર દર્શાવ્યો છે.

જ્ઞાતા અંગે દ્રૌપદી, પૂજો શ્રી જિનરાજ (પા-૯૧)

રાયપસેણી ઉપાંગમાં હિતસુખ શિવફલ કાજ -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાતાધર્મ કથા અગ્યાર અંગ સૂત્રમાં સ્થાન પામ્યું છે. જ્યારે રાયપસેણી ઉપાંગ છે. ૪૫ આગમનાં એ બે ગ્રંથો પૂજા વિશે મૂળભૂત સંદર્ભ પૂરો પાડે છે. પ્રભુ ભક્તિમાં વિશેષ તલ્લીનતા કે ભક્તિ સરિતામાં સ્નાન કરાવનારી આ પૂજાની કેટલીક પંક્તિઓ પૂજા વિષયના વિચારોને સ્પષ્ટ કરે છે.

જિન દર્શન મોહનગારા જિન પાપ કલંક પ્યારા, માં પ્રભુ દર્શન નો મહિમા છે.

ચિદાનંદ ઘન અંતરજામી અબ મોહે પાર ઉતાર, ( પા. ૯૬) માં ભક્ત ભગવાનને વિનંતી કરી પોતાનો ઉદ્ધાર કરવા પ્રાર્થના કરે છે આરંભમાં પ્રભુનાં વિશેષણો દર્શાવ્યા છે. અર્હન જિણંદા પ્રભુ મેરે મન વસીયાં (પા. ૯૮) માં કવિની કલ્પના શક્તિનો પરિચય થાય છે. ભક્ત કહે છે. ભગવાન તો મારા મનમા વસી ગયા છે. ભક્તિના પ્રભાવથી ભક્ત પ્રભુ સાથે તન્મયતા સાધે છે. તેનું આ ઉદાહરણ છે. ધ્વજ પૂજામાં કવિની ચિત્રાત્મક અભિવ્યકિતનું દર્શન થાય છે.

આઈ સુંદર નાર, કર કર સિંગાર કાડી ચૈત્ય હાર, મન મહિધાર.
પ્રભુગુણ વિચાર, અઘ સબ ક્ષય કીનો -

કવિની કલ્પનાની સાથે વર્ણન શક્તિના નમૂના રૂપ ધ્વજ વર્ણનનો દુહો નોંધપાત્ર છે.

પંચવરણ ધ્વજ શોભતી, ઘુઘરીનો ધબકાર,
હેમદંડ મન મોહની, લઘુ પતાકા સાર ।। ૧ ।।

રણઝણ કરતી નાચતી શોભિત જિનહર શૃંગ,
લહકે પવન ઝકોરસે બાજત નાદ અભંગ ।। ૨ ।।

પતાકા જાણે કે કોઈ રચી હોય તેમ નાચતી લહરાતી અને ઘૂઘરીના અવાજથી સૌને મન મોહક લાગે છે. શુદ્ધ કાવ્ય રચનાના નમૂનારૂપ આવી પંક્તિઓ સત્તરભેદી પૂજામાં જોવા મળે છે.

આભરણ પૂજામાં પ્રભુનુ વાસ્તવિક ચિત્ર આલેખવામાં આવ્યું છે. આરસપહાણની મૂર્તિ ને કિંમતી વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરી પ્રભુ પ્રતિમાને ભવ્ય બતાવવા નો પ્રયત્ન કર્યો છે.

'જિનગુણ ગાવત સુર સુંદરીથી આરંભ થતી ગીત પૂજામાં ઈંદ્રાણી પ્રભુના ગુણગાન ગાય છે. તેનું આકર્ષક ચિત્ર આલેખ્યું છે.

ચંપક વરણી સુર મનહરણી
ચંદ્રમુખ શૃંગાર ધરી ।। ૧ ।।

તાલમૃદંગ બંસરી મંડલ,
વેણુ ઉપાંગ ધુનિ મધુરી ।। ૨ ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોકત ઉદાહરણમાં ભક્તિ ભાવનાનું ચિત્તાર્ષક અને ભાવવાહી નિરૂપણ થયેલું છે. વર્ણાનુંપ્રાસની યોજનાથી મધુર પદાવલી બની રહે છે.

સત્તરભેદી પૂજા નરસિંહની પ્રેમલક્ષણા ભક્તિની સાથે સામ્ય ધરાવે છે. કવિની કવિતા કલાનો સાચો પરિચય પ્રાપ્ત થાય છે. આત્મારામજી સાચા કવિ તરીકે પ્રગટ થાય છે.

## સ્નાત્રપૂજા

કવિના પૂજા સાહિત્યમાં સ્નાત્રપૂજાની રચના કવિતા અને સંગીતકલાનો સુયોગ સાધે છે. સ્નાત્રપૂજા એ પ્રભુના જન્માભિષેકનું અનુસરણ કરતી રચના છે. દેવોએ મેરૂ પર્વત ઉપર પ્રભુનો જન્માભિષેક ઉજવ્યો હતો તેના અનુસરણ રૂપે જિન મંદિરમાં પ્રતિદિન અને મહોત્સવની વિધિમાં પ્રભુની સ્થાપના કરીને જન્મ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ પૂજામાં પ્રભુ ના જન્મ કલ્યાણક નું વર્ણન અને વિશદ માહિતી આપવામાં આવી છે.

આત્મારામજીની રચના પહેલાં કવિ દેપાલ, દેવચંદ્રજી, પદમવિજયજી, વીરવિજયજી વગેરે કવિઓએ સ્નાત્રપૂજાની રચના કરી છે. પૂજાની લોકપ્રિયતાની સાથે સ્નાત્રપૂજા પણ વિશેષ આદરપૂર્વક શ્રાવક - શ્રાવિકાઓ રાગ - રાગિણી યુકત વાજિંત્રના સહયોગથી ભણાવીને ભક્તિ રસની રમઝટ જમાવે છે. સ્નાત્ર પૂજા સાથે સામ્ય ધરાવતી અન્ય રચનાઓમાં શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત શાંતિજિન કળશ, શ્રીપદમવિજયજી કૃત શ્રી અજિતનાથ જિનનો કળશની સ્નાત્ર પૂજામાં મુખ્યત્વે પ્રભુના જન્મથી અખિલ વિશ્વમાં આનંદનું વાતાવરણ ફેલાય છે. અને તીર્થંકરના જન્મથી હર્ષઘેલાં બનેલા દેવદેવીઓ ભારે ઠાઠથી મહોત્સવ ઉજવે છે. તેમાં પ્રભુની માતાને આવેલાં ૧૪ સ્વપ્ન, ૫૬ દિક કુમારિકાઓ, ૬૪ ઈંદ્રો અને ઈંદ્રાણીઓએ પ્રભુને ભક્તિ ભાવપૂર્વક સુગંધ યુકત દ્રવ્યોથી અને દુધનાં મિશ્રણથી અભિષેક કરવામાં આવે છે તે દર્શાવવામાં આવ્યું છે, સ્નાત્રપૂજાની રચના એક પદ્યનાટકની સમકક્ષ સ્થાન પામે તેવી છે.

કવિ આત્મારામજીની સ્નાત્ર પૂજા છ કાવ્યોમાં વિભાજીત થયેલી છે. પ્રથમ ઢાળમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન તીર્થંકરોને કુસુમાંજલિ અર્પણ કરવાની વિગત છે. બીજી ઢાળમાં ભગવાન મહાવીરે વીસસ્થાનક તપ કર્યું. તેનો ઉલ્લેખ કરી માતાએ ૧૪ સ્વપ્ન જોયાં તેની સૂચિ આપી છે. ત્રીજીમાં ૫૬ દિક્કુમારિકાઓનું જન્મ મહોત્સવમાં આગમન, ચોથીમાં ઈંદ્ર સુઘોષા ઘંટાનો નાદ કરીને બધા દેવોને આ મહોત્સવમાં પધારવા માટે સૂચન કરે છે. પાંચમીમાં ઉપસ્થિત દેવ દેવીઓ પ્રભુને અભિષેક કરે છે, તેનું વર્ણન છે અને છઠ્ઠીમાં પ્રભુ પૂજા કરીને દેવ દેવીઓ ઉલ્લાસથી ગીત ગાઈને નૃત્ય દ્વારા ભક્તિભાવ પ્રગટ કરે છે, તે પ્રસંગનું નિરૂપણ છે. અને ધમાચ રાગ ઉપરાંત કવિએ દુહા, કુસુમાંજલિની ઢાળ ''કોયલ ટહુકી રહી મધુવનમેં વારિ જાઉંરે કેસરિયા સામરા, ગુણ ગાઉંરે લાગી લગન કહો કેસે ધરે પ્રાણ જીવન'' દેશીઓનો પ્રયોગ કરીને સ્નાત્રપૂજાને ગેય રચના બનાવી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. છઠ્ઠી ઢાળમાં કવિની કલ્પના શક્તિ અને કાવ્ય રચનાનું માધુર્ય ને સૌંદર્ય આકર્ષક બની રહે છે.

**નાચત શક શકી હેરી ભાઈ નાચત શક શકી,**

**છં છં છં છં છ ન ન ન ન ન નાચત શક શકી**

**હેરી ભાઈ નાચત શક શકી ॥**

સ્નાત્રને અંતે કળશની રચના પરંપરાગત રીતે કરીને ગુરુપરંપરા અને રચના સમય સ્થાનોનો ઉલ્લેખ કર્યો છે.

આત્મારામજીના પૂજા સાહિત્ય પર વિહંગાવલોકન કરતાં એટલું સ્પષ્ટ સમજાય છે કે કવિએ પૂજાના વિષય વસ્તુની પસંદગીમાં પ્રતિમા પૂજનના વિષયને સ્વીકારીને સ્નાત્રપૂજા, અષ્ટ પ્રકારી પૂજા અને સત્તરભેદી પૂજાની રચના કરી છે આ વિષય પસંદગી અંગે મારું એવું અનુમાન છે કે કવિએ પ્રથમ સ્થાનકવાસી મતની દીક્ષા લીધી હતી અને જૈન તત્વજ્ઞાન અભ્યાસથી જિન પ્રતિમાના શાસ્ત્રીય સંદર્ભો જાણ્યા એટલે શ્વેતામ્બર સંપ્રદાયમાં દીક્ષા લીધી. આ વિચાર પરિવર્તનની ઢઢતાના પ્રભાવથી ઉપરોકત વિષય પર પૂજા રચીને શાસ્ત્રીય પરંપરાનું સત્યનિષ્ઠા અને શ્રધ્ધાથી ગૌરવ વધાર્યું છે. જૈન તત્વ દર્શનના અભ્યાસના ચક્ર રૂપે નવપદ અને વીસ સ્થાનક પૂજા રચીને જ્ઞાન માર્ગને સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે. વિવિધ દેશીઓ અને શાસ્ત્રીય રાગોના પ્રયોગથી કવિતા સંગીત અને ભક્તિનો ત્રિવેણી સંગ સર્જાયો છે. લય અર્થ ગંભીરતા શબ્દ લાલિત્ય વર્ણ યોજના ચિત્રાત્મક વાળી પંક્તિઓ એમની કવિત્વ શક્તિની અભિવ્યક્તિના ઉદાહરણ રૂપ છે. પંજાબના વતની હોવ છતાં ગુજરાતી ભાષામાં હિન્દીની છાંટવાળી પૂજા સાહિત્યની રચનાઓ જૈન કાવ્ય સાહિત્યનો અમૂલ્ય વારસો છે.

શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ ગુરુપરંપરાનો અને રચના સમય, સ્થળ, કવિના નામનાં ઉલ્લેખ વગેરે મધ્યકાલીન જૈન કવિઓની પરંપરાનું અનુસરણ થયેલું જોવા મળે છે. અષ્ટ પ્રકારી પૂજા કરતાં સત્તરભેદી પૂજા ભક્તિકાવ્યની રચના તરીકે વધુ સફળ નીવડી છે. જ્યારે નવપદ અને વીસ સ્થાનકની પૂજા ભક્તિ કરતાં જ્ઞાન માર્ગને સ્પર્શી બુદ્ધિને કસોટીએ ચઢાવીને તત્ત્વની કઠિન વાતોને સમજાવવાનો પ્રયત્ન કરે છે. આમ એમનું પૂજા સાહિત્ય જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરે છે. જૈન કવિઓમાં પદ્ય રચનાની પરંપરા નહિવત સ્થાન ધરાવે છે ત્યારે આત્મારામજીની રચનાઓ લોક હૃદયમાં ભક્તિ સ્વરૂપે સ્થાન પામી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org